| પુલના સ્પેશીફીકેશન<br>**Item: 21** –Providing<br>(A) Mild Steel Reinforcement<br>(B) High Yield Strength Deformed bars, reinforcements.<br>(10) Reinforcement shall be measured in length including overlaps, separately for different diameter, as actually used in the work, where welding or coupling is restored to, in place of lap-joints, such joints shall be measured for payment as the equivalent length of over lap as per design requirement. From the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS 1732 even though steel is supplied to the contractor by the Department on actual weighment. Length shall include hooks at ends. Wastage and annealed steel wire for binding shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement. | પુલના સ્પેશીફીકેશન<br>**Item: 21** –Providing<br>(A) Mild Steel Reinforcement<br>(B) High Yield Strength Deformed bars, reinforcements.<br>***(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*** |

(એન. જી. પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

(૪) પ્રતિ,

1) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
3) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય, પ.ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4) અંગત સચિવશ્રી, અ. મુ. સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ, શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ
7) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
9) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણ ભવન, ગાંધીનગર
10) મુ.ઈ. અને ડીરેકટરશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
11) ડીરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ગેરી), વડોદરા
12) ઉપ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર
13) નાણાં સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
14) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહિત)
15) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (ઉક્ત વર્તુળ હેઠળના.)
16) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
17) સર્વે તાંત્રિક શાખાઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
18) પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લૉ ગાર્ડન, લૉ કોલેજ રોડ, અમદાવાદ
19) શાખા સીલેકટ ફાઈલ – ૨૦૧૭

GUJARAT ENGINEERING RESEARCH INSTITUTE
N W R & W S & Kalpsar and Road & Building Department, Government of Gujarat
Race Course, Vadodara - 390 007 (India), 0265 - 2330204 ( P )
PBX : ( 0265 ) 2313413 / 14 / 15 Fax : ( 0265 ) 2324067 email : jdrgeri@ymail.com
Office: jdrpb@rediffmail.com

તાત્કાલિક- ઘણું જ જરૂરી

જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ ૨૬૬ સને ૨૦૧૬ તા.૨૨/૧૨/૨૦૧૬

પ્રતિ,

(૧) સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ-૧, ગેરી, વડોદરા.
(૨) સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ:૪, ગેરી, વડોદરા.
(૩) સંશોધન અધિકારીશ્રી, વસ્તુ પરીક્ષણ વિભાગ, ગેરી, વડોદરા.
(૪) સંશોધન અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ, ગાંધીનગર.
(૫) સંશોધન અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ.
(૬) સંશોધન અધિકારીશ્રી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરત.

વિષય : કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવા બાબત. અને વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના ટેસ્ટીંગ ગેરીમાં કરાવવા બાબત.

સંદર્ભ : (૧) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા. 03/૧૦/૨૦૧૨ યાદી ક્: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી.

(૨) સરકારશ્રીના, માર્ગ અને મકાન વિભાગ ના પરિપત્ર ક્: પીઆરસી-૧૦-૨૧૫-૫૫(Pt.1)- સી, તા. ૦૮/૦૨/૨૦૧૬.

(૩) અત્રેની કચેરીના તા. ૦૫/૦૪/૨૦૧૬ જા.નં: સંનિ (રસ્તા) / પીબી / ૬૭ /૨૦૧૬.

(૪) અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬ જા.નં: સંનિ (રસ્તા) /પીબી /ટેસ્ટીંગ /૧૪૦/૨૦૧૬.

(૫) અત્રેની કચેરીના તા. ૦૯/૦૮/૨૦૧૬ જા.નં: સંનિ (રસ્તા) / પીબી / ટેસ્ટીંગ /૧૫૫/૨૦૧૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા.03/૧૦/૨૦૧૨ યાદી ક: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી થી માલસામાનના

પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવ નક્કી કરવામાં આવેલ છે. આ પરિપત્રના પેરા-૨૭ માં જણાવેલ નીચેની વિગતો પુન: અવલોકને લઇ યોગ્ય થવા વિનંતી છે.

પેરા-૨૭: કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવાની રહેશે. પરંતુ ગેરી સમય મર્યાદામાં આ ડીઝાઇન આપી શકે તેમ ન હોય તો મંજુરી પાત્ર સંસ્થા/લેબોરેટરી પૈકી જે સંસ્થા/લેબોરેટરી NABL ACCREDITED હોય તેની પાસે ડીઝાઇન કરાવવા સંબધિત કામનાં અધિક્ષક ઇજનેરશ્રી દ્વારા ગુણદોષના આધારે મંજુરી મેળવી ડીઝાઇન કરાવવાની રહેશે.

૧.૦ કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં કરવામાં આવે છે.

૨.૦ સરકારશ્રીના પ્રવર્તમાન અભિગમ અને સુચનાઓ અંતર્ગત, રસ્તાના કામોમાં વિસ્કોસીટી ગ્રેડ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે. સંદર્ભ હેઠળના સરકારશ્રીના તા.૦૮/૦૨/૨૦૧૬ નાપરિપત્ર થી થયેલ સુચના મુજબ ડામરનુ પરિક્ષણ ગેરીમાં કરાવી, ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે જેની ખાતરી કર્યા બાદ જ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે.

૩.૦ વિસ્કોસીટી ટેસ્ટ કરવા માટે વી.જી ગ્રેડ ના સાધનો હાલ અત્રેની કચેરી એટલે કે ગેરી, વડોદરા હસ્તકની તાબાની કચેરીઓ વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ગેરી લેબોરેટરીમાં ઉપલબ્ધ હોવા અને આ અંગે ગેરી, વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ની લેબોરેટરીઓને ડામરનાં સેમ્પલ મોકલી આપવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬. જા.નં: સંનિ (રસ્તા) / પીબી ટેસ્ટીંગ/૧૪૦/૨૦૧૬ થી અધીક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,સર્વેને વિનંતી કરવામાં આવેલ.

૪.૦ વધુમાં, અત્રેના ધ્યાન પર આવેલ છે કે કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં નહી કરાવવા માટે ગેરીના નીચલા સ્ટાફ પાસેથી માર્ગ અને મકાન વિભાગની કેટલીક ક્ષેત્રિય કચેરીઓના સ્ટાફ દવારા કેટલીક વિગતો જેમ કે "કામનુ ભારણ હોઈ હાલ મીક્ષ ડીઝાઇનની કામગીરી શક્ય નથી" તેવી વિગતો પરભારે મેળવી જાય છે. જે યોગ્ય નથી.

ઉક્ત વિગતો ધ્યાને લઈ, હવે પછી મીક્ષ ડીઝાઇનની કામગીરી માટે સંશોધન અધિકારીશ્રીની મંજુરી મેળવ્યા વગર મદદનીશ સંશોધન અધિકારીશ્રીઓ દ્વારા કોઈપણ પ્રકારનુ લખાણ નહી આપવા સખ્ત સૂચના આપવામાં આવે છે. તેમ છતાં જો સૂચનાનું પાલન કરવામાં નહી આવે તો મદદનીશ સંશોધન અધિકારીશ્રી અને સ્ટાફ ની જવાબદારી

નક્કી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે સર્વે મદદનીશ સંશોધન અધિકારીશ્રી અને સ્ટાફને નામજોગ જણાવવા સૂચના છે.

(પ્રતાપસિંહ નલવાયા)
સંયુકત નિયામક (રસ્તા)
ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા
વડોદરા

નકલ સાદર રવાના:

(૧) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગેરી, વડોદરા તરફ જાણ સારૂ.

(૨) મુખ્ય ઇજનેર (મા અને મ) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૩) મુખ્ય ઇજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુખ્ય ઇજનેર ( ને.હા. )અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુખ્ય ઇજનેર (ગુણવતા નિયમન) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુખ્ય ઇજનેર (પાટનગર યોજના) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધીક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ સર્વે પંચાયત અને ને.હા., પાટનગર યોજના અને શહેર (મા અને મ) વર્તુળ સહિત (સામેલ યાદી મુજબ)

<u>આપ સૌ અધીક્ષક ઇજનેરશ્રીઓને નીચેની વિગતે વિનંતી કરવામાં આવે છે.</u>

(10)

(અ) કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની અને આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં કરવામાં આવે છે. તેમ છતા મીક્ષ ડીઝાઇન માટે એગ્રીગેટ્ના કે ડામરના નમુનાઓ ગેરી લેબોરેટરી દ્વારા સ્વીકારવામાં નહી આવે કે અન્ય જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે તો સંબધિત સંશોધન અધિકારીશ્રીઓનો ફોનથી સંપર્ક કરવા અને અત્રેની કચેરીને ઈ-મેઈલ કે ફેક્સ થી જણાવવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા પુન: વિનંતી છે.

(બ) અત્રેની કચેરીના તા.૧૮/૦૭/૨૦૧૬ના પત્ર સાથેની ડેટા-શીટ મુજબ ક્ષેત્રિય કચેરીઓ દ્વારા ટેન્ડર આઇટમના સ્પેસીફીકેશન સાથે પરીક્ષણ માટે નમુનાઓ રજુ કરવા ક્ષેત્રિય કચેરીઓને જરૂરી સુચના આપવા પુન: વિનંતી છે.

**GUJARAT ENGINEERING RESEARCH INSTITUTE**
N W R & W S & Kalpsar and Road & Building Department, Government of Gujarat
Race Course, Vadodara - 390 007 (India), 0265 - 2330204 ( P )
PBX : ( 0265 ) 2313413 / 14 / 15 Fax : ( 0265 ) 2324067 email : jdrgeri@ ymail.com
Office: jdrpb@rediffmail.com

જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ ૧૫૫ સને ૨૦૧૬ C/238 તા. ०૯/०૮/२०१६

પ્રતિ,
અધીક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ સર્વે
પંચાયત અને ને.હા., પાટનગર યોજના અને શહેર (મા અને મ) વર્તુળ સહિત
(સામેલ યાદી મુજબ)

વિષય : કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવા માલસામાનના પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવ નક્કી કરવા બાબત.
વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના ટેસ્ટીંગ ગેરીમાં કરાવવા બાબત.

સંદર્ભ :
(૧) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા. 03/१०/२०१२ યાદી ક્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી
(૨) સરકારશ્રીના, માર્ગ અને મકાન વિભાગ ના પરિપત્ર ક્ર: પીઆરસી-૧૦-૨૧૫-૫૫(Pt.1)-સી, તા. ०૮/०२/२०१६.
(૩) અત્રેની કચેરીના તા. ०५/०४/२०१६ જા.નં: સંનિ(રસ્તા)/પીબી/૬૭/૨૦૧૬
(૪) અત્રેની કચેરીના તા. १८/०७/२०१६ જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ટેસ્ટીંગ/૧૪૦/૨૦૧૬.

16 AUG 2016

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે, સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના તા.03/१०/२०१२ યાદી ક્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩(પાર્ટ-૨)-સી થી માલસામાનના પરીક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવ નક્કી કરવામાં આવેલ છે. આ પરિપત્રના પેરા-૨૭ માં જણાવેલ નીચેની વિગતો પુન: અવલોકને લઇ યોગ્ય થવા વિનંતી છે.

પેરા-૨૭: કોંક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવાની રહેશે. પરંતુ ગેરી સમય મર્યાદામાં આ ડીઝાઇન આપી શકે તેમ ન હોય તો મંજુરી પાત્ર સંસ્થા/લેબોરેટરી પૈકી જે સંસ્થા/લેબોરેટરી NABL ACCREDITED હોય તેની પાસે ડીઝાઇન કરાવવા સંબધિત કામનાં અધિક્ષક ઇજનેરશ્રી દવારા ગુણદોષના આધારે મંજુરી મેળવી ડીઝાઇન કરાવવાની રહેશે.

૧.૦ કોંક્રીટ મીક્ષ ડીઝાઇનની કામગીરી ગેરીમાં કરવામાં આવે છે.

૨.૦ સરકારશ્રીના પ્રવર્તમાન અભિગમ અને સુચનાઓ અંતર્ગત, રસ્તાના કામોમાં વિસ્કોસીટી ગ્રેડ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે. સંદર્ભ હેઠળના સરકારશ્રીના

૨૬

તા.૦૮/૦૨/૨૦૧૬ના પરિપત્રથી થયેલ સુચના મુજબ ડામરનુ પરિક્ષણ ગેરીમાં કરાવી, ડામર વીસ્કોસીટી ગ્રેડનો છે જેની ખાતરી કર્યા બાદ જ ડામરનો ઉપયોગ કરવાનો રહે છે.

3.0 વિસ્કોસીટી ટેસ્ટ કરવા માટે વી.જી ગ્રેડ ના સાધનો હાલ અત્રેની કચેરી એટલે કે ગેરી, વડોદરા હસ્તકની તાબાની કચેરીઓ વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ગેરી લેબોરેટરીમાં ઉપલબ્ધ હોઇ <u>વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના વિવિધ ફીઝીકલ ટેસ્ટ તેમજ બીટુમીન મીક્ષ ડીઝાઇન માટે</u> સેમ્પલના જરૂરી મટીરીયલ તેમજ મટીરીયલના જરૂરી જથ્થાની વિગત નીચે દર્શાવવામાં આવેલ છે. તો આ અંગે ગેરી, વડોદરા ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે ની લેબોરેટરીઓને ડામરના સેમ્પલ મોકલી આપવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા વિનંતી છે.

| અ.નં. | ટેસ્ટની વિગત | જરૂરી મટીરીયલ | જથ્થો |
|---|---|---|---|
| ૧. | વિસ્કોસીટી ગ્રેડ બીટુમીનના ફીઝીકલ ટેસ્ટ | ડામર | ૫ કિ.ગ્રા. |
| ૨. | બીટુમીન મીક્ષ ડીઝાઇન | ડામર | ૧૫ કિ.ગ્રા. |
| | | કોર્સ એગ્રીગેટ | ૫ બેગ (૫૦ કિ.ગ્રા. પ્રતિ બેગ) |
| | | ફાઇન એગ્રીગેટ | ૫ બેગ (૫૦ કિ.ગ્રા. પ્રતિ બેગ) |
| | | સ્ટોન ડસ્ટ | ૧ બેગ ( ૫૦ કિ.ગ્રા.પ્રતિ બેગ) |

<u>૪.0 આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇનની કામગીરી પણ ગેરીમાં કરવામાં આવે છે.તેમ છતા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન માટે</u> રસ્તાના એગ્રીગેટ્ના ડામરના નમુનાઓ ગેરી લેબોરેટરી દવારા સ્વીકારવાની આનાકાની કરે કે અન્ય જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગેરીની કચેરીઓ જેમ કે વડોદરા ખાતે સંશોધન અધિકારીશ્રી માર્ગ સંશોધન વિભાગ-૧ અને સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ:૪, ગેરી, વડોદરા અને સંશોધન અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ, ગાંધીનગર, સંશોધન અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ, સંશોધન અધિકારીશ્રી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરત, નો સંપર્ક કરવા સંબધિત કાર્યપાલક ઇજનેરોને સુચના આપવા વિનંતી છે.

વધુમાં, અત્રેના ધ્યાન પર આવેલ છે કે માર્ગ અને મકાન વિભાગની કેટલીક ક્ષેત્રિય કચેરીઓ દવારા રસ્તાના એગ્રીગેટ્ના નમુનાઓ સાઇટ પરથી લઇને ગેરી લેબોરેટરીમાં પરીક્ષણ માટે રજુ કરવામાં આવે છે. જેમા ઉકત નમુનાઓ કામની કઇ ટેન્ડર આઇટમ માટે

વાપરવાના છે તેમજ ટેન્ડર આઇટમના સ્પેસીફીકેશન તેમજ મીક્ષ ડીઝાઇન (કામની ટેન્ડર આઇટમ માટે જો મીક્ષ ડીઝાઇન કરાવેલ હોય તો) તે સ્પષ્ટ લખવામાં આવતુ ન હતુ. જેથી રસ્તાના એગ્રીગેટ્ના ઉકત નમુનાઓનુ ગેરી લેબોરેટરીમાં પરીક્ષણ કરતી વખતે વહીવટી રીતે કેટલીક વિસંગતા રહેતી હતી, જે ધ્યાને લઇને આ નમુનાઓ અંગે જે તે ટેન્ડર આઇટમ માટેના નમુનાઓ હોવાનુ પ્રસ્થાપિત કરતી ડેટા-શીટ તૈયાર કરીને, માર્ગ અને મકાન વિભાગની ક્ષેત્રિય કચેરીઓ માટે Ready reference તરીકે અત્રેની કચેરીના તા.૧૮/૦૭/૨૦૧૬ જા.નં: સંનિ(રસ્તા)/પીબી/ટેસ્ટીંગ/૧૪૦/૨૦૧૬થી આપ સૌને મોકલી આપવામાં આવેલ છે. અત્રેની કચેરીના તા. ૧૮/૦૭/૨૦૧૬ના પત્ર સાથેની ડેટા-શીટ સાથે ક્ષેત્રિય કચેરીઓ દવારા ટેન્ડર આઇટમના સ્પેસીફીકેશન તેમજ મીક્ષ ડીઝાઇન (કામની ટેન્ડર આઇટમ માટે જો મીક્ષ ડીઝાઇન કરાવેલ હોય તો નકલ રજુ કરવી) રજુ કરવાની થાય છે. અન્યથા આ અંગે સૌપ્રથમ ટેન્ડર આઇટમની મીક્ષ ડીઝાઇન ગેરી લેબોરેટરીમાં કરવાની થાય છે, તે ડેટા-શીટમાં સ્પષ્ટ લખીને પરીક્ષણ માટે નમુનાઓ રજુ કરવા ક્ષેત્રિય કચેરીઓને જરૂરી સુચના આપવા વિનંતી છે.

(પ્રતાપસિંહ.. નલવાયા)
સંયુકત નિયામક (રસ્તા)
ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા
વડોદરા

નકલ સાદર રવાના:

(૧) **મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગેરી, વડોદરા તરફ જાણ સારૂ.**
(૨) મુખ્ય ઇજનેર (મા અને મ) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મુખ્ય ઇજનેર (પંચાયત) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) મુખ્ય ઇજનેર ( ને.હા. )અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) મુખ્ય ઇજનેર (ગુણવતા નિયમન) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) મુખ્ય ઇજનેર (પાટનગર યોજના) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના :**

(૧)સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ-૧, ગેરી, વડોદરા
(૨)સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ:૪, ગેરી, વડોદરા
(૩)સંશોધન અધિકારીશ્રી, ઉત્તર ગુજરાત સંશોધન વિભાગ, ગાંધીનગર,
(૪) સંશોધન અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર સંશોધન વિભાગ, રાજકોટ,
(૫)સંશોધન અધિકારીશ્રી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરત,

જે ઈજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩-૦૯-૨૦૧૬

વંચાણે લીધાઃ- (૧) ઠરાવ ક્રમાંકઃ- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંકઃ- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

પરિપત્ર :-

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાકટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય / આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ચુસ્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહીં.

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(રા.ર.)
માર્ગ અને મકાન

નકલ રવાના :-

(૧) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૨) મા.રા.ક..મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૩) મુ.ઇ.(મા.મ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુ.ઇ.(પંચા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુ.ઇ.(ને.હા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુ.ઇ.(પા.યો.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ સ્ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

(૯) મુ.ઇ.શ્રી (પી એન્ડ પી), મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) નાણાંકીય સલાહકારશ્રી, (મા.મ.) વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અ.ઇ.શ્રીઓ (મા.મ.) વર્તુળ, પેટા/ મા.મ.વર્તુળ/ ને.હા.વર્તુળ/ એક્સપ્રેસ –વે – વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.

(૧૨) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપર્યુક્ત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.

(૧૩) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત)

(૧૪) સર્વે પ્રોજેક્ટ શાખાઓ મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૫) સીલેક્ટ ફાઇલ સી - શાખા, ૨૦૧૬

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ એસએસઆર-૧૦-૨૦૧૫-૨૩-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૧૦/૨૦૧૫

વિષયઃ- રસ્તાઓ ઉપર ધારાધોરણસરના બમ્પ અને રમ્બલ સ્ટ્રીપ બનાવવા અંગેનો સંકલિત પરિપત્ર

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૦૯/૧૧/૧૯૭૯
(૨) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૦૬/૦૨/૧૯૮૯
(૩) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૩૧/૦૩/૧૯૯૦
(૪) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૧૩/૦૫/૧૯૯૨
(૫) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૦૬/૧૧/૧૯૯૨
(૬) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૧૯/૦૭/૧૯૯૩
(૭) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૧૦/૦૮/૧૯૯૪
(૮) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૨૯/૦૮/૧૯૯૬
(૯) ભારત સરકારનો પરિપત્ર ક્રમાંકઃ આરડબલ્યુ-એનએચ-૧૧૦૬૪-૧-૯૧/ડીઓ-૧, તા.૦૪/૦૭/૧૯૯૬
(૧૧) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૦૩/૦૯/૧૯૯૭
(૧૨) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૦૬/૦૬/૧૯૯૮
(૧૩) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦૭૬-૧૪૪-સ તા.૨૮/૦૩/૨૦૦૧
(૧૪) પરિપત્ર ક્રમાંકઃએસએસઆર-૧૦.૨૦૦૩(૧૨)-સ તા.૧૨/૦૫/૨૦૦૩

**-: પરિપત્ર :-**

રસ્તાઓ ઉપર ધોરણસરના બમ્પ (સ્પીડબ્રેકર્સ) અને રમ્બલ સ્ટ્રીપ બનાવવા/મૂકવા અંગેના સંદર્ભિત ઉપર્યુકત પત્રો-પરિપત્રોની સુચનાઓના અનુસંધાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ, રાજય ધોરીમાર્ગ તથા અન્ય માર્ગો ઉપર બમ્પ અને રમ્બલ સ્ટ્રીપ બનાવવા/મૂકવા અંગેના ઉપરોકત પરિપત્રો/સુચનાઓની સમીક્ષા કરી અને તેનું સંકલન કરી હવે આ સંકલિત પરિપત્ર પ્રમાણેની કામગીરી કરવા અને નીચે જણાવેલ સુચનાઓ અનુસરવા આથી જણાવવામાં આવે છે.

(૧) રાષ્ટ્રીય ધોરીમાર્ગો ઉપર બમ્પ અંગે ભારત સરકારના તા.૦૪/૦૭/૧૯૯૬ના પરિપત્રથી આપવામાં આવેલ સુચનાઓ/નીતિનું પાલન કરવાનું રહેશે, જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

(૨) રાજય ધોરીમાર્ગ/હાઇવે ઉપર નવા બમ્પ ન મૂકવા. પરંતુ જયાં અકસ્માત નિવારણ માટે વાહનોની ગતિ ઘટાડવાની/નિયંત્રણ કરવાની જરૂરત હોય ત્યાં દા.ત. રસ્તા પરના તીવ્ર વળાંક આગળ, ગીચ અથવા અકસ્માતની શકયતાવાળા અનુભાગમાં યોગ્ય રીતે ડીઝાઇન કરેલ બમ્પ/રમ્બલ સ્ટ્રીપ મૂકવા તથા તેની આગળ બંને બાજુ ગતિમર્યાદા તથા સાવચેતીદર્શક બોર્ડ મૂકવા.

(૩) બમ્પ તથા રમ્બલ સ્ટ્રીપની ડીઝાઇન આઇ.આર.સી. તથા ભારત સરકારની તા.૦૪/૦૭/૧૯૯૬માંની જોગવાઇઓને અનુસરી પરિશિષ્ટ-૨, ૩, ૪ અને ૫ માં દર્શાવ્યા મુજબની વિગતોએ બનાવવા/મૂકવાના રહેશે.

(૪) માર્ગો પરના તમામ હયાત બમ્પ પૈકી જે ધોરણ અનુસારના ન હોય તેને તાત્કાલિક ધોરણ અનુસારના બનાવવા. બમ્પની ડીઝાઇન આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ અને ૧-એ મુજબ કરવા તથા દરેક બમ્પથી સ્ટોપીંગ અંતર કરતા થોડા વધુ અંતરે સાવચેતીદર્શક બોર્ડ (કોશનરી બોર્ડ) તથા ગતિ મર્યાદા સૂચવતા બોર્ડ મૂકવા. શકય હોય ત્યાં રીટ્રોરીફલેકટીવ બોર્ડ મૂકવા અને હયાત બમ્પ પર કેટસઆઇ રીફલેકટર્સ લગાવવા.

(૫) બે રસ્તાના ક્રોસિંગ પૈકી મુખ્ય રસ્તા પર બમ્પ હોય અને નીચલી કક્ષાના રસ્તા પર બમ્પ ન હોય તો ત્યાં નીચલી કક્ષાના રસ્તા પર પણ ટાઇપ ડીઝાઇન મુજબના બમ્પ તથા સાઇનબોર્ડ વિગેરે અચૂક મૂકવા જ્યારે મુખ્ય રસ્તા પરના બમ્પના સ્થાને નિયત ડીઝાઇન મુજબની રમ્બલ સ્ટ્રીપ સ્થળસ્થિતિ અનુસાર પરિશિષ્ટ-૨, ૩ અને ૪ માં દર્શાવેલ ડ્રોઇંગ મુજબ મૂકવી.

(૬) વસતીવાળા વિસ્તારમાંથી/પાસેથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગો પર બમ્પ મૂકેલ હોય તેવા સ્થળોએથી ક્રમાનુસાર ધીમે ધીમે બમ્પ હટાવવા માટે નાણાકીય ઉપલબ્ધતા અનુસાર શકય હોય ત્યાં રસ્તાની હદ આગળ બંને બાજુએ પાઇપ રેલીંગ બેરીયર કરવા તેમજ રાહદારીઓ દ્વારા રસ્તો ઓળંગવા માટે ઝીબ્રા ક્રોસિંગ તથા સાઇનબોર્ડ મૂકવા. આવા સ્થળોએ વાહનોની ગતિમર્યાદાસૂચક બોર્ડ મૂકવા તેમજ હયાત બમ્પની જગ્યાએ ઉપર જણાવ્યા મુજબ સ્થળસ્થિતિ અનુસાર પરિશિષ્ટ-૨, ૩ અને ૪ માં દર્શાવેલ ડ્રોઇંગ મુજબ રમ્બલ સ્ટ્રીપ મૂકવી.

(૭) ચોકીદાર વિહોણા ફાટક(અનમેન્ડ લેવલ ક્રોસિંગ) આગળ નિયત ડીઝાઇન મુજબ બમ્પ તથા ચોકીદારવાળા ફાટક (મેન્ડ લેવલ ક્રોસિંગ) આગળ નિયત ડીઝાઇન મુજબના ઉપર જણાવ્યા મુજબ રમ્બલ સ્ટ્રીપ મૂકવા.

(૮) રાજ્યમાં દરેક જગ્યાઓ ઉપર નિયત ધોરણો મુજબના ગતિ-અવરોધ ન હોય તો તે દૂર કરી નિયત ધોરણો અનુસારના બનાવવાની કામગીરી શરૂ કરવી.

(૯) ધારાધોરણ વગરના બમ્પ કે રમ્બલ સ્ટ્રીપ મૂકવા/બનાવવા નહીં કે જેથી નાના દ્વિચક્રી વાહનોને મુશ્કેલી પડે અને અકસ્માત થવાની સંભાવના રહે તેમજ મોટરગાડી જેવા વાહનોના નીચેના ભાગને બમ્પ અડી જતા ગાડીના સાયલન્સર કે અન્ય ભાગોને નુકસાન થાય.

(૧૦) જયાં અત્યંત જરૂરી હોય ત્યાં જ બમ્પ/રમ્બલ સ્ટ્રીપ મૂકવા અને બિનજરૂરી કે વધુ પડતા બમ્પ ન મૂકવા. અને બિનજરૂરી કે વધુ પડતા બમ્પ જણાતા હોય તો તે દૂર કરવા.

(૧૧) નિયમિત રીતે ઝેબ્રા પેઇન્ટીંગ બમ્પ ઉપર થાય તેની તકેદારી રાખવી.

(૧૨) અકસ્માત નિવારણ માટે જરૂરી હોય તે જગ્યા સિવાય કોઇ પણ જગ્યાએ આઇ.આર.સી.ના નિયમોમાં ના હોય તેવી જગ્યાએ બમ્પ મૂકવાના થાય તો સરકારશ્રીની મંજુરી મેળવી ધારાધોરણ અનુસારના બમ્પ મૂકવાના રહેશે અને બમ્પમાં પણ શકય હોય ત્યાં સુધી ધારાધોરણસરની રમ્બલ સ્ટ્રીપ મૂકવાની રહેશે.

બમ્પ અને રમ્બલ સ્ટ્રીપ મૂકવા અંગે ઉપર જણાવેલ સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવા આથી સર્વે સંબંધિત અધિકારી/કર્મચારીઓને જણાવવામાં આવે છે.

સંદર્ભમાં દર્શાવેલ તમામ પરિપત્રોને સંકલિત કરી આ પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

આ સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય તેનું દરેકે દરેક સંબંધિતોએ અવશ્ય ધ્યાન રાખવું.

(આર.કે.ચૌહાણ )
ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા.મ.વર્તુળ/પંચાયત મા.મ.વર્તુળ/ને.હા.વર્તુળ/એકસપ્રેસ વે વર્તુળ/પા.યો.વર્તુળ સહિત
સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળો હેઠળના સર્વે વિભાગો
સર્વે અધિકારીશ્રીઓ, ના.કા.ઇ.શ્રીઓ સહિત, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સર્વે શાખાઓ, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સિલેકટ ફાઇલ-૨૦૧૫

**કામના ટેન્ડર ફરીથી મંગાવવામાં આવે**
**ત્યારે રાખવાનીથતી તકેદારી**

ગુજરાત સરકાર,
સુચનાક્રમાંક : TNC-10-2015-01-C
માર્ગ અનેમકાનવિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૧૫

સંદર્ભ :– ગુજરાત તકેદારી આયોગના તા.૨૩/૦૮/૨૦૧૦ ના પત્ર ક્ર. જીએમબી–૧૧૨૦૦૭–૨૫૧૧૫૩–ઈ

**આમુખઃ–**

ગુજરાત તકેદારી આયોગના ધ્યાને આવેલ કિસ્સા મુજબ પહેલા ઈજારદાર પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ત્યાર પછી ઈજારદાર ટેન્ડરમાં બીનપોષણક્ષમ ભાવો ભર્યા હોવાથી, કામ નહી કરી શકે તેવા કારણોસર ટેન્ડર રદ કરાયેલ હોય અથવા વેલીડીટી પીરીયડમાં ટેન્ડર સ્વીકારેલ હોઈ અને પુરતી તક મળ્યા છતાં ઈજારદારશ્રી સીકયોરીટી ડિપોઝીટ ન ભરે, એટલે કે પીછેહઠ કરે ત્યારે, અને વ્યાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુકામ અધુરા છોડે અને કરાર રદ થાય તો આવા સંજોગો માત્ર ઈજારદારશ્રીના જ કારણોસર ઉદભવ્યા ગણાય. આ સ્થિતિમાં કામના ટેન્ડર ફરીથી માંગવામાં આવે ત્યારે રદ કરાયેલ ટેન્ડર / કરારના સંબંધિત ઈજારદારશ્રી પુન : ટેન્ડર ભરી શકે છે, જે ભુલ કરનાર ટેન્ડર ભરનારની તરફદારી કરવા સમાન હોઈ ઈચ્છનીય નથી.

ઉપરોકત બાબત અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની આથી સુચના આપવામાં આવે છે અને આ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

**સુચનાઃ–**

નીચે જણાવેલ કિસ્સાઓમાં જો માત્ર ઈજારદારશ્રીના કારણોસર ટેન્ડર ફરીથી માંગવામાં આવે તો જે ઈજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવેલ હોય, તે ઈજારદારશ્રી કોઈપણ પ્રકારે તે જ કામના પુનઃ માંગેલ ટેન્ડરમાં ભાગ લઈ શકશે નહી.

(૧) પ્રથમ માંગેલ ટેન્ડરમાં ઈજારદારશ્રી પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ઈજારદારશ્રી પાસેથી આ ભાવોનું પૃથ્થકકરણ માંગવવામાં આવે અને જો ઈજારદારશ્રી તે જણાવેલ સમયમર્યાદામાં ન આપે અને તે ટેન્ડર બિનપોષણક્ષમ ભાવ ગણી રદ કરી ફરીથી માંગવામાં આવે તે સંજોગોમાં.

(૨) પ્રથમ માંગેલ ટેન્ડર તેની વેલીડીટી પીરીયડમાં સ્વીકારવામાં આવેલ હોય અને પુરતી તક આપવા છતાં ઈજારદારશ્રી સીકયુરીટી ડિપોઝીટ ન ભરે અને કામમાંથી પીછેહક કરે તે સંજોગોમાં.

(૩) વ્યાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુ કામ અધુરુ છોડે અને કરાર રદ થાય તે સંજોગોમાં.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજપરનાઅધિકારી(વિ.યો.)
માર્ગ અનેમકાનવિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૨. અગ્રસચિવશ્રી, શહેર વિકાસ અને શહેરીગૃહનિર્માણવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૩. સચિવશ્રી,નર્મદા અને જળ સંપતિ અને પાી પુરવઠાવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૪. સચિવશ્રી,આરોગ્ય અને પરીવાર કલ્યાણવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય ગાંધીનગર

૫. સચિવશ્રી, પંચાયત,ગ્રામગૃહનિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય ગાંધીનગર

૬. સચિવશ્રી, ગુજરાત તકેદારીઆયોગ,ગાંધીનગર(અલગપત્રથી)

૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા. વિકાસ નિગમ લી. ગાંધીનગર

૮. મુખ્યકારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમબોર્ડ સે.૧૦ ગાંધીનગર

૯. સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૦. નિયામકશ્રી, ગેરીવડોદરા

૧૧. નિયામકશ્રી,ઉપવનબગીચા,ગાંધીનગર

૧૨. એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાતઅમદાવાદ

૧૩. એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાતરાજકોટ

૧૪. નાયબ સચિવશ્રી(તપાસ),માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૫. નાણાંકીય સલાહકારશ્રી,મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૬. સર્વે અ.ઈ.શ્રીઓ / મા.મ. વ / પંચાયત(મા.મ.) વર્તુળ, રા.ધો.મા.મ. વર્તુળ /રા.મા.યોજના વર્તુળ / પાટનગરયોજના વર્તુળ / એ.વે. વર્તુળ / વિધુત વર્તુળ સહિત

૧૭. સર્વે કા.ઈ.શ્રીઓ,ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

૧૮. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈશ્રીઓ સહિત) મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૯. સર્વે પ્રોજેકટશાખાઓ,મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૨૦. ક – શાખ,ક–૧ શાખા, ઈ–૧ શાખા,માર્ગ અનેમકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૨૧. સીલેકટ ફાઈલ – ૨૦૧૫

**પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક ગેરંટી મેળવવા બાબત**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સુચના ક્રમાંક : ટીએનસી–૧૦–૨૦૧૩–૩–(ભાગ–૧)–સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૧/૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંક :– ટીએનસી–૧૦૯૬/આઈબી/૧૦/(૧૧)/સ, તા.૩૧/૦૩/૧૯૯૯

**આમુખ:–**

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમાં ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખથી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામાં આવેલ છે. આથી વહીવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમાં ફેરફાર કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

**પરિપત્ર :–**

પુખ્ત વિચારણાને અંતે નકકી થયેલ છે કે, હવે રૂા.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂા.૩૦ લાખ કે તેથી વધુ રકમના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાંણા વિભાગની તા.૨૨/૦૯/૨૦૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી (મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ સચિવાલય, ગાંધીનગર

માન. રા.ક.મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) , નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) , આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગન, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) , પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રસ,(મા.મ.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રસ,(મા.મ.), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રસ,(મા.મ.), બંદરો અને મત્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય ગાંધીનગર (અગ્ર સચિવશ્રી સિવયા)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજકોટ

નાણાંકીય સલાહકારશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ

સર્વે કા.ઈ.શ્રીઓ, ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

સર્વે અધિકારીશ્રીઓ માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સીલેકટ ફાઈલ – ૨૦૧૩

---

આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગના હેઠળના સ્થાનિક અધિકારીરીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી

**રસ્તાના બાંધકામ / મરામત દરમ્યાન લેવાની**
**થતી સલામતી બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીડબલ્યુડી–૧૦–૨૦૧૩ –૦૧– સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૧૦/૨૦૧૩

**પરિપત્ર :–**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં રસ્તાના બાંધકામ અને મરામત ની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ બાંધકામ / મરામત ની કામગીરી દરમ્યાન બાંધકામની કામગીરી સાથે સંકળાયેલ મજુરો અને કર્મચારી ની સલામતી જરૂરી છે.બાંધકામ અને મરામતની કામગીરી કરતા મજુરો / કર્મચારીઓ ની સલામતીની સાથોસાથ રસ્તાનો વપરાશ કરતા રોડ યુઝર ની સલામતી પણ એટલી જ અગત્યની છે. અનુભવે જણાયેલ છે કે, વિભાગો / કોન્ટ્રાકટર દ્વારા બાંધકામ અને મરામતની કામગીરી હાથધરવામાં આવે છે ત્યારે મજુરો / કર્મચારીઓ અને રોડ યુઝર ની સલામતી પ્રત્યે જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવતુ નથી. બાંધકામ / મરામતની કામગીરી દરમ્યાન વાહન ચાલકો, રાહદારીઓ તેમજ અન્ય રોડ યુઝરની સલામતી માટે કામ ચાલુ હોય તે મુજબના દર્શાવવાના ચેતવણી દર્શક બોર્ડ, બ્લીકર વિગેરેનો ઉપયોગ થતો નથી / ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય છે, તથા ખરેખર કામ ચાલુ હોય તે સ્થળે એડવાન્સ વોર્નીગ ઝોન તરીકે રાખવાના થતા સલામતી ઝોન નો પણ અભાવ હોય છે.પુખ્ત વિચારણના અંતે અને અનુભવના આધારે રસ્તાના બાંધકામ અને મરામતની કામગીરી દરમ્યાન મજુરો / કર્મચારી અને રોડ યુઝરની સલામતી / સભાનતા વધે તે માટે નીચે મુજબની કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

(૧) રસ્તાના બાંધકામ / મરામત ની કામગરી દરમ્યાન IRC-SP-55-2001(Guidelines on safety in Road Construction Zones) ની માર્ગ દર્શીકા Fig. 2.1 Elements of Traffic control zone (નકશો સામેલ છે.પરીશીષ્ટ – ૧ મુજબ) જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે રસ્તાની કામગીરી જે લંબાઈમાં થતી હોઈ તેની બંન્ને તરફ પુરતી લંબાઈનો ટ્રાફીક કંન્ટ્રોલ ઝોન રાખવામાં આવે તથા આ ઝોનમાં રાખવાના થતાં જુદા – જુદા રીફલેકટીવ સાઈન બોર્ડ / સાઈનેજ, ટ્રાફિક કોન, નીયત અંતરે રાખવામાં આવે.

(૨) ટ્રાફીક કંન્ટ્રોલ ઝોન માં વાહનો ની સ્પીડના આધારે રાખવાના થતા એડવાન્સ વોર્નીગઝોન અને ટ્રાન્ઝીશન ઝોન ની લંબાઈ IRC -SP-55-2001, ટેબલ ૨.૧ મુજબ પરીશીષ્ટ – ૨ મુજબ (સામેલ છે.) રાખવી અને ઓછા દશ્ય શ્રાવ્ય અંતરવાળા રસ્તાઓમાં વધારે એડવાન્સ વોર્નીગ સાઈન વિગેરે રાખી કામગીરી કરવી. આ લંબાઈ કેઈસ ટુ કેઈસ સ્થળ સ્થિતિ પ્રમાણે અલગ– અલગ રહેશે.

(૩) બાંધકામ / મરામતની કામગીરી દરમ્યાન કામગીરી સાથે સંકળાયેલ મજુરો / કર્મચારી માટે કામગીરીના સમય દરમ્યાન સલામતી માટે ફલોરોસન્ટ જેકેટ, હેલ્મેટ, સેફટીશુઝ, હેન્ડગ્લોઝ વિગેરે પહેરી ને જ કામગીરી કરવી.

(૪) રાત્રિ દરમ્યાન કન્સ્ટ્રકશન કામને લગતી સંલગ્ન મશીનરી રોડ સાઈટ એટલે કે, કેરેજવે અને શોલ્ડર્સ ઉપર રાખવી નહિ અથવા જો રાખવાની થાય તો પુરતી સલામતી માટેના રીફલેટીવબોર્ડ, બ્લીકર, એડવાન્સ ચેતવણી દર્શક બોર્ડ વિગેરે રાખવા તેમ જ બને ત્યા સુધી રોડના કેરેજવે ને ખૂલ્લો રાખવો અને જો મશીનરી કેરેજવે ઉપર જ રાખવાની થાય તો, એડવાન્સ રીફલેકટીવ ચેતવણીદર્શક બોર્ડ રાખવા, તેમજ જરૂરી ટ્રાફીક કંટ્રોલ ઝોન માર્કિંગ કરી / બનાવી સાવચેતી ના પગલા લેવા.

(૫) ચારમાર્ગીય રસ્તામાં જો, એક સાઈડ એટલે કે, દ્વિમાર્ગીય રસ્તામાં કામ કરવાનું થાય અને જો તેને બંધ કરવાનો થાય તો ટ્રાફીક કંટ્રોલ ઝોનની બંન્ને બાજુએ એડવાન્સ ચેતવણીદર્શક બોર્ડ જેવા કે, ફોરલેન ટુ ટુલેન અને ટુલેન ટુ ફોરલેન ના ટ્રાફીક મર્જીગ, ટુલેન અહેડ જેવા રીફલેકટીવ બોર્ડ, ડાયવર્ઝન બોર્ડ વિગેરે બ્લીકર સાથે લગાવવા, જેથી વાહન ચાલક અગાઉથી જ આગળની લંબાઈમાં ટ્રાફીકની મુવમેન્ટ માટે રસ્તાની પરિસ્થિતિનો ખ્યાલ આવે.

(૬) દ્વિમાર્ગીય રસ્તામાં કામગીરી કરવાની થાય ત્યારે પણ ટ્રાફીક કંટ્રોલ ઝોનની બંન્ને બાજુએ એડવાન્સ ચેતવણીદર્શક બોર્ડ જેવા કે,ટુલેન ટુ સીગલ લેન અને સીગલ લેન ટુ ટુલેન ના રીફલેકટીવ બોર્ડ, ડેલીનેટર, ડાયવર્ઝન બોર્ડ વિગેરે બ્લીકર સાથે લગાવવા.

ઉપર મુજબ ની સુચનાઓ નો બાંધકામ / મરામતની કામગીરી દરમ્યાન ચુસ્તપણે અમલ કરવા સારુ તથા તમામ કોન્ટ્રાકટર, વર્કચાર્જ કર્મચારી અને સંલગ્ન કર્મચારી / અધિકારીશ્રીઓ ને પણ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે આપવાની રહેશે. અને તેઓ દ્વારા ચુસ્ત પણે અમલવારી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

# Annexure - 1






Fig. 2.1. Elements of traffic control zone

# Annexure - 2

TABLE 2.1 RECOMMENDED LENGTH OF TRAFIC CONTROL ZONES

| Average Approach Speed (km/h) | Length of Advance Warning Zone (m) | Length of Approach Transition Zone (m) | Length of Working Zone (m) |
|---|---|---|---|
| 51 – 80 | 100 – 300 | 50 – 100 | ) |
| 81 – 100 | 300 – 500 | 100 – 200 | ) Varies |
| Over 100 | 1000 | 200 – 300 | ) |

પરિશિષ્ટ- ૧




વાહનવ્યવહાર અંગેના ઘટકો (એલીમેન્ટ)

પરિશિષ્ટ- ૨

કોષ્ટક : ૨.૧. : વાહનવ્યવહાર નિયંત્રણ વિસ્તાર અંગેની સુચિત લંબાઈ

| રસ્તાના વહાનવ્યવહારની સરેરાશ ઝડપ (કિ.મી. / કલાક) | આગોતરી ચેતવણી વિસ્તારની લંબાઈ (મીટર) | રસ્તાના સંક્રમણ વિસ્તારની લંબાઈ (મીટર) | કામગીરીની લંબાઈ વિસ્તાર (મીટર) |
|---|---|---|---|
| ૫૦ થી ઓછી | ૧૦૦ | ૫૦ | ) |
| ૫૧ – ૮૦ | ૧૦૦ – ૩૦૦ | ૫૦ – ૧૦૦ | ) |
| ૮૧ – ૧૦૦ | ૩૦૦ – ૫૦૦ | ૧૦૦ – ૨૦૦ | ) |
| ૧૦૦ થી વધારે | ૧૦૦૦ | ૨૦૦ – ૩૦૦ | ) |

ટેન્ડર ભરેલ અસામાન્ય ઊંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાં પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક :– પરચ – ૧૦૨૦૦૮– (૬૧) – સી
તા.૦૩/૦૫/૨૦૧૩

વંચાણે લીધા :– પરિપત્ર ક્રમાંક : પરચ – ૧૦૨૦૦૮– (૬૧) – સી, તા.૨૭/૧૧/૨૦૦૮

**આમુખ :–**

ટેન્ડરમાં ઈજારદારશ્રીઓ દ્વારા ભરાતા Imbalance ભાવો વાળા ટેન્ડરના કિસ્સામાં ઈજારદારશ્રીઓ દ્વારા ઉંચા ભાવની કામગીરી કર્યા બાદ નીચા ભાવની આઈટમોની કામગીરી ન કરવામાં આવે તેવી પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા માટેતા.૨૭/૧૧/૨૦૦૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ. આ પરિપત્ર અંગ વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતાં અને તેના પર પુખ્ત વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી " આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંપોષકારક રીતે પૂર્ણ થયે ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છૂટી કરવામાં આવશે " તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો :–**

" આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકિય પ્રગતિના પ્રમાણસર રનીંગ બીલમાંથી છૂટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કિસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સામે વીથહેલ્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીંગ બીલમાંથી છુટી કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર ના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંક – ૮ રદ કરવામાં આવે છે.

ઉપરોકત સુધારાનો અમલ આ પરિપત્રની તારીખ પછી મંજુર થતા ડી.ટી.પી. માં અચુકપણે કરવાનો રહેશે.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ (પાટનગર યોજના વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ સહિત).
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ (પંચાયત) મા.મ. વિભાગ
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ મા.મ. વિભાગ
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (પંચાયત) મા.મ. વિભાગ

નકલ રવાના :–

૧. અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઈજનેર અને અ.શ્રીઓ, મા.મ. વિભાગ
૩. સર્વે તાંત્રિક ઉપસચિવશ્રીઓ, મા.મ. વિભાગ
૪. ના.કા.ઈ.શ્રી, મા.મ. વિભાગ,
૫. નાણાં શાખા, મા.મ. વિભાગ
૬. ના.સે.અ, સી શાખા, મા.મ. વિભાગ, સિલેકટ ફાઈલ
૭. શાખા સિલેકટ ફાઈલ – ૨૦૧૩

રસ્તા પુલો તથામકાનો બાંધકામની વિગતો તથા સ્પેસીફીકેશન અંગેના બોર્ડ કામના સ્થળ ઉપર મુકવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાનવિભાગ
ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ–પાર્ટ ફાઈલ,
સચિવાલય,ગાંધીનગર
તા.૦૫/૦૩/૨૦૧૧

સંદર્ભ :– ૧) જા. બાં. વિ. નો પરિપત્ર ક્રમાંક : બીડીજી–૩૨૭૭–(૧૬૫)–ન, તા.૨૬/૦૪/૧૯૭૮
૨) મા. મ. વિ. નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૨૭/૧૧/૧૯૯૦
૩) મા. મ. વિ. નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪– સ, તા.૧૮/૧૧/૧૯૯૧
૪) મા. મ. વિ. નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૨૨/૦૭/૧૯૯૮
૫) મુખ્ય ઈજનેરશ્રી (ગુ.ની.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગુની / જન / ૪૮૪ / ૧૦, તા.૨૮/૧૦/૨૦૧૦
૬) જાહેર હિસાબ સમિતીની તા.૦૪/૦૧/૨૦૧૧ ની બેઠક

# <u>પરિપત્ર</u>

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવો / પરિપત્રથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતુ બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચે મુકવાની સુચના આપવામાં આવેલ છે. તા.૧૮/૧૧/૯૧ ના ઠરાવ અનુસાર આ બોર્ડ મુકવાની શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવા પણ ઠરાવ કરવામાં આવેલ છે.

૨. તા.૦૪/૦૧/૨૦૧૧ ના રોજ યોજાયેલ જાહેર હિસાબ સમિતીની બેઠકમાં સુચવ્યા પ્રમાણે સંદર્ભીત–૫ ના પત્રથી ગુજરાત તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલ નીચે મુજબની ભલામણોનો પણ ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) જાહેર બાંધકામો (ખાસ કરીને રૂ.પાંચ લાખથી વધુ કિંમત) ના કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતા બોર્ડ મુકવા જરૂરી છે.

(૨) આવા બોર્ડ ઈજારદારશ્રીના ખર્ચે લગાવવાની જોગવાઈ ટેન્ડરમાં રાખવામાં આવે.

(૩) આ બોર્ડમાં કામને સબંધિત કાર્યપાલક ઈજનેરનું સરનામું, ફોન નંબર, ફેકસ નંબર અને કામ શરૂ થવાની તારીખ થી કામ પૂર્ણ થવાની તારીખ, ઈજારદારશ્રીનું નામ, તકલીફ હોય તો કોને મળવું તેની વિગતો સહિત તમામ વિગતોનો સમાવેશ કરવો.

(૪) ઈજારદારશ્રી નિયત સ્થળે બોર્ડ લગાવીને ફોટોગ્રાફસ સહિતનો અહેવાલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને કાર્યપાલક ઈજનેરશ્રીની જાણ હેઠળ ન કરે ત્યાં સુધી હંગામી ધોરણે અમુક રકમ (૦.૨૫ થી ૧% જેટલી) રોકી રાખવાની કરારમા જોગવાઈ કરવી.

(૫) મકાન જેવા સીમીત ક્ષેત્રફળ માટે એક બોર્ડ મુકવું જરૂરી છે, જયારે રસ્તા, પુલો, પાણીની પાઈપ લાઈન, ગટર લાઈન, કેનાલ વિગેરે કામોમાં લંબાઈનો વ્યાપ વધુ હોય ત્યારે આવા કામોમાં એક કરતાં વધુ બોર્ડ (જનતાની અવર જવર વધુ હોય ત્યાં તેમજ બંને છેડા પર અને વચ્ચે) ટ્રાફિક સલામતીને ધ્યાને રાખી, બોર્ડ મુકવાની જોગવાઈ કરારમાં કરવી.

(૬) જાહેર બાંધકામ હાથ ધરતી તમામ સંસ્થાઓ ઉપરોકત ભલામણોનો અમલ કરે.

કાર્યપાલક ઈજનેરશ્રીએ કાળજી રાખવાનીરહેશે.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ

૨. સર્વે અ.ઈ.શ્રીઓ / મા.મ.વ / પંચાયત ) મા.મ. (વર્તુળ / રા.ધો.મા.મ. વર્તુળ / રા.મા. યોજના વર્તુળ / પાટનગર / યોજના વર્તુળ / એ.વે. વર્તુળ / વિદ્યુત વર્તુળ સહિત.

૩. સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોકત વર્તુળ હસ્તકના સર્વે વિભાગ.

૪. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ / ના.કા.ઈ.શ્રીઓ સહિત મા.મ.વિ, સચિવાલય,ગાંધીનગર

૫. સર્વે શાખાઓ મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૬. માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે બોર્ડ / નિગમો

૭. સીલેકટ ફાઈલ – ૨૦૧૩

**વર્તુળ કચેરી હસ્તકના રૂા. ૧ કરોડથી વધુ રકમના વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગના કામોમાં કોમ્પેકશનની કામગીરી અંગેની સુચનાઓ.**

પરિપત્ર ક્રમાંક :– એસએસઆર / ૧૦ / ૨૦૦૮ / ૧૮ / સી
માર્ગ અનેમકાનવિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૩/૧૦/૨૦૦૮

**<u>પરિપત્રઃ–</u>**

વર્તુળ કચેરીહસ્તકના રૂા.૧ કરોડથીવધુ રકમનાવાઈડનીંગ અને સ્ટ્રેન્ધનીંગના કામોમાં કોમ્પેકશનની જે કામગીરી કરવામાં આવે છે. તેમા દરેક સ્તરનું કોમ્પેકશન વ્યવસ્થિત થાય તે જરૂરી છે. આ કામગીરીની ચકાસણી દરેક હોય રે ફરજીયાત પણે ડેન્સીટોમીટર ધી ગ્રેડ પ્રમાણે ઈજારદારશ્રી પાસેથી તૈયાર કરાવીને મેળવવાની રહેશે. જેની ચકાસણી સબંધિત નાયબ કાર્યપાલક ઈજનેર અને મદદનીશ / અધિક્ષક મદદનીશ ઈજનેરશ્રી એ પણ કરવાની રહેશે. ઈજારદારશ્રીએ કરેલ કામની ડેન્સીટો પુરેપરુી મળ્યા બાદ જ કિલયરન્સ અપાય અને ત્યારબાદ જ બીજા લેયરની કામગીરી હાથ ધરાય તે જોવાની આથી સુચના આપવામાં આવે છે.

ઈજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જયારે પણ બિલની ચુકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સુચવેલ પધ્ધતિ પ્રમાણે જે કામ કરવામાં આવેલ છે (કે કેમ ?) તેની ખરાઈ દરેક અધિક્ષક ઈજનેરશ્રી,પાસે કરાવ્યા બાદ જ બિલનું ચુકવણું કરવાનું રહેશે.

રૂા. ૧ કરોડ થી ઉપરના દરેક કામોમાં, સાઈટ ઉપર ઈજારદારશ્રીનો એન્જીનિયર ફરજીયાત પણે હોવો જોઈએ અને આ ઈજનેરનું ઓળખપત્ર પણ ઈજારદારશ્રીએ આપવાનું રહેશે અનને આ ઓળખપત્રની એક જ નકલ સબંધિત અધિક્ષક ઈજેનરશ્રીની કચેરીમાં રાખવાની રહેશે. જો ઈજારદારશ્રીનો ઈજનેર સાઈટ ઉપર હાજર ન રહેતો હોય તો ઈજારદારશ્રીને જરૂરી નોટીસ પાઠવવાની રહેશે અને આમ છતાં પણ ઈજારદારશ્રી સાઈટ પર તેમનો ઈજનેર ન મૂકે તો તેમનું રજીસ્ટ્રશન ૩ વર્ષ માટે રદ કરવા નિયમોનુસાર દરખાસ્ત કરવી. જયારે માત્ર વાઈડનીંગની કામગીરી ઈજારદારે કરવાની હોય અને હયાત કેરેજવેની સ્ટ્રેન્ધનીંગની કામગીરી કરવાની હોય ત્યારે ઈજારદારે વાઈડનીંગની પહોળાઈમાં ધારાધોરણ મુજબના કોમ્પેકશન માટે બેબી રોલર લાવવું ફરજીયાત રહેશે અને ઉપર જણાવ્યા પ્રમાણેની ચકાસણી પણ કરવાની રહેશે.

નવા ડીટીપી મંજુર થાય તેમા ઉપર મુજબની શરત ખાસ મુકવા તેમજ હાલ જે કામો પ્રગતિ હેઠળ છે. તેમા પણ, ઉપરોકત સુચનાઓ મુજબ ફરજીયાતપણે કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (એસ.પી.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર
૨. સર્વે ઉપ સચિવશ્રી,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર
૩. સર્વે અધિક્ષક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વર્તુળ / પંચાયતમાર્ગ અને મકાન વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / પાટનગરયોજના(માર્ગ અને મકાન ) વર્તુળ / આલેખન (માર્ગ અને મકાન) વર્તુળ / રાજયમાર્ગયોજના વર્તુળ સહીત.
૪. સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીમાર્ગ અને મકાન વર્તુળ / પંચાયતમાર્ગ અને મકાન વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / પાટનગરયોજના(માર્ગ અને મકાન ) વર્તુળ.

# ANNEXURE - 'A'
# TECHNICAL REQUIREMENT OF DRUM MIX PLANT

## COMPOSITION OF PLANT :-

The Drum mix plant shall confirm generally to I.S. Specifications No. IS : 3066 / 1965 as amended from time to time and shall be equipped with the following arrangements.

## 1. COLD AGGREGATE FEEDER :

The cold aggregate feeder shall have minimum three independent bins or compartment, each provided with accurate mechanical pre-determined rate to cold convator or to some intermediate conveyor or directly into the dryer. The feeder shall provide for the adjustment of total and proportional feed and shall be capable of being locked in any setting.

## 2. DRYER

The dryer shall be capable of continuously agitating the aggregates while heating to the desired temparature. At the discharge end of the dryer or any other suitable location means shall be provided for ascertaining the temperature of the heated aggregate.

## 3. SCREENING UNIT AND GRADATION CONTROL

The dried aggregate shall be screened into not less than three sizes, the plant shall include means for accurately proportioning, each size of aggregate either by weight volumetric measurement. The gradation control is by volume, the unit shall include feeder mounted under the compartement bins, each bin shall have an accurately controlled, individual gate to form an office for proportioning the material drawn from wach respective bin compartment. The office shall have positive mechanical adjustment and provided with a lock. Indicators shall be provided on each gate to show the opening in centimeters.